પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨ | ૧૩ એપ્રિલ, ૨૦૨૨, બુધવાર; ચૈત્ર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ચોમાસુ સામાન્ય રહેશે

**૯૮ ટકા વરસાદની સંભાવના : સ્કાયમેટે ૨૦૨૨ માટે મોનસૂનનું પૂર્વાનુમાન જાહેર કર્યું : રાજસ્થાન અને ગુજરાત તેમજ નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના ઉત્તરપૂર્વીય પ્રદેશોને સમગ્ર સિઝન દરમિયાન વરસાદની અછતની સંભાવના**



નવી દિલ્હી, તા.૧૨

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ રિસ્ક સોલ્યુશનના ક્ષેત્રની અગ્રણી ભારતીય કંપની સ્કાઈમેટે ૨૦૨૨ માટે મોનસૂન પૂર્વાનુમાન જાહેર કર્યું છે. સ્કાઈમેટના મોનસૂન પૂર્વાનુમાન પ્રમાણે ૪ મહિના જૂન-જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર સરેરાશ ૮૮૦.૬ મીમી વરસાદની તુલનામાં ૨૦૨૨માં ૯૮% વરસાદની સંભાવના છે. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવેલી તેની અગાઉની પ્રાથમિક આગાહીમાં સ્કાયમેટે ચોમાસુ ૨૦૨૨ સામાન્ય રહેવાનો અંદાજ મૂક્યો હતો અને હવે તે જ જાળવી રાખ્યું છે. સામાન્ય વરસાદનો ફેલાવો એલપીએના ૯૬-૧૦૪% પર ફેલાયો છે.

સ્કાઈમેટમા સીઈઓ યોગેશ પાટિલના જણાવ્યા પ્રમાણે છેલ્લી ૨ મોનસૂન સિઝન બેક-ટૂ-બેક લા-નીના ઘટનાઓથી પ્રેરિત રહી છે. આ અગાઉ લા નીના ઠંડીમાં ઝડપથી ઘટવા લાગી હતી પરંતુ પૂર્વીય હવાઓ ઝડપી હોવાના કારણે તેની વાપસી નથી થઈ શકી. જો કે તેની ટોચ પર પહોંચી ગયું છે, પ્રશાંત મહાસાગરની લા નીના ઠંડક

● અનુસંધાન પાન-૭ પર

# ભારત રશિયા પાસેથી યુરોપ કરતા ખૂબ ઓછું ઓઈલ ખરીદે છે

**રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના ભારતના નિર્ણયથી અમેરિકા નારાજ : રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનો નિર્ણય યોગ્ય : ભારત**

વોશિંગ્ટન, તા.૧૨

રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના ભારતના નિર્ણયના કારણે અમેરિકા નારાજ છે.

બીજી તરફ અમેરિકામાં વિદેશ મંત્રી જય શંકરે અમેરિકન વિદેશ મંત્રી સાથેની બેઠકમાં ભારતના નિર્ણયને સાચો ઠેરવતા કહ્યુ હતુ કે, યુરોપના દેશો એક દિવસમાં જેટલુ ઓઈલ રશિયા પાસેથી ખરીદે છે તેટલુ ઓઈલ ભારત એક મહિનામાં પણ રશિયા પાસેથી ખરીદતુ નથી.



જયશંકરે મીડિયાના સવાલનો જવાબ આપતા કહ્યુ હતુ કે, જો તમે ભારત દ્વારા રશિયા પાસેથી ખરીદવામાં આવતા ઓઈલની વાત કરતા હોય તો તમારે યુરોપ પર ધ્યાન આપવુ જોઈએ.અમે તો અમારી જરૂરિયાતનુ બહુ થોડુ ઓઈલ રશિયા પાસેથી આયાત કરી રહ્યા છે પણ તમે આંકડા જોશો તો ખબર પડશે કે, ભારત એક મહિનામાં રશિયા પાસેથી જેટલુ ઓઈલ નથી ખરીદતુ તેનાથી વધારે ઓઈલ યુરોપ એક દિવસમાં ખરીદે છે.

અમેરિકન વિદેશ મંત્રી એન્ટની બ્લિકન સમક્ષ પોતાની વાત રજૂ કરતા જયશંકરે કહ્યુ હતુ કે, અમે રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષનો વિરોધ કરી રહ્યા છે અને હિંસા રોકાય તેના પક્ષમાં છે. આ માટે ભારત દરેક પ્રકારનો સહયોગ આપવા માટે તૈયાર છે.

# દેશના ઉત્તર ભાગોમાં આકરી ગરમી

**દિલ્હીમાં ૭૨ વર્ષમાં પ્રથમ વખત એપ્રિલમાં ઊંચું તાપમાન : પાંચ વર્ષોમાં એપ્રિલમાં સામાન્યથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ તાપમાન, સવારે લઘુત્તમ તાપમાન ૨૨.૫ ડિગ્રી**



નવી દિલ્હી, તા.૧૨

દેશના ઉત્તર ભાગોમાં લોકો આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે. એપ્રિલના બીજા અઠવાડિયામાં જ સૂર્યપ્રકોપ વધી જતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.

આજે દિલ્હીમાં ગરમી વધવાની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતુ કે, દિલ્હીમાં દિવસનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. જે છેલ્લાં પાંચ વર્ષોમાં એપ્રિલમાં સામાન્યથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. દિલ્હીમાં સવારે લઘુત્તમ તાપમાન ૨૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી વધારે હતું.

ઉત્તર ભારતના અનેક ભાગોમાં હીટવેવના કારણે સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

# સરકારી કર્મીઓનો લંચ ટાઈમ અડધા કલાકથી વધુ ન હોવો જોઈએ : યોગી

**મુખ્યમંત્રી પદના બીજા કાર્યકાળમાં યોગી એક્શનમાં : યોગી આદિત્યનાથે ટીમ-૯ની સાથે બેઠક કરી હતી જેમાં એક ફરિયાદ ના આધારે આ નિર્દેશ આપ્યો હતો**

લખનૌ, તા.૧૨

યુપીમાં સતત બીજી વખત મુખ્યમંત્રી બનનાર યોગી આદિત્યનાથે કાર્યવાહી શરૂ કરી દીધી છે. સરકારી કચેરીઓમાં લંચ ટાઈમ કરતાં વધુ સમય સુધી ગુમ રહેનાર કર્મચારીઓ માટે મંગળવારે મુખ્યમંત્રીએ નવો આદેશ આપ્યો છે. મુખ્યમંત્રીની સૂચના મુજબ સરકારી કચેરીઓમાં



લંચનો સમય અડધા કલાકથી વધુ ન હોવો જોઈએ. મળતી માહિતી પ્રમાણે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારે સવારે ટીમ-૯ની સાથે બેઠક કરી હતી જેમાં આ નિર્દેશ આપ્યો હતો. મુખ્યમંત્રી ઓફિસમાં આને લઈને તાજેતરમાં જ એક ફરિયાદ કરવામાં આવી હતી. આ પછી આજે મળેલી બેઠકમાં સરકારી કચેરીઓમાં લંચનો સમય અડધો કલાક નક્કી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે, માર્ચ મહિનામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામમાં બીજેપીએ એક વખત ફરી યુપીમાં વાપસી કરી છે અને યોગી આદિત્યનાથ સતત બીજી વખત રાજ્યના સીએમ બન્યા છે. આ પછી મુખ્યમંત્રીએ ગુનેગારો સામે ઘણી કાર્યવાહી કરી છે. અનેક ગુનેગારોની ગેરકાયદેસર મિલકતો પર બુલડોઝર ચલાવ્યા છે.

## યુપી વિધાન પરિષદની ૩૬માંથી ૩૩ બેઠકો પર ભાજપનો વિજય

**અપક્ષ ઉમેદવારોએ ત્રણમાંથી બે બેઠકો જીતી છે, જ્યારે એક બેઠક જનસત્તા દળ લોકતાંત્રિકને ગઈ છે**

લખનૌ, તા.૧૨

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદની ૩૬ બેઠકો માટેની ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ એકતરફી જીત મેળવી છે. આ સાથે જ સમાજવાદી પાર્ટીનો સફાયો થઈ ગયો છે. અખિલેશ યાદવની સાઈકલ પંચર થઈ ગઈ છે અને તેમની પાર્ટીના ખાતામાં એક પણ સીટ આવી નથી. બીજી તરફ, અપક્ષ ઉમેદવારોએ ત્રણમાંથી બે બેઠકો જીતી છે, જ્યારે એક બેઠક જનસત્તા દળ લોકતાંત્રિકને ગઈ છે.

વિધાન પરિષદની ૩૬ બેઠકોમાંથી ૯ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ આવ્યા હતા. ૨૭મીએ યોજાયેલી ચૂંટણીમાં માત્ર ભગવો જ લહેરાયો છે. ભાજપે ૩૬માંથી ૧૬ ટિકિટ ઠાકુરોને આપી હતી. આમાં ૫ નામ અન્ય પક્ષોના આઉટગોઈંગ એમએલસીના છે. ૧૧ પછાતને ટિકિટ આપવામાં આવી હતી. જેમાં ત્રણ યાદવ, બે જાટ, બે કુર્મી, એક-એક સૈની, કલવાર, નાઈ અને ગુર્જરનો સમાવેશ થાય છે. સાથે જ પાંચ બ્રાહ્મણ, ત્રણ વૈશ્ય અને એક કાયસ્થને પણ ટિકિટ આપવામાં આવી હતી.

બીજી તરફ સમાજવાદી પાર્ટીની વાત કરીએ તો ૯ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા બાદ યાદવ બિરાદરીના ઉમેદવારોએ ૨૭માંથી ૧૫ બેઠકો પર ઉમેદવારી નોંધાવી હતી. આ સાથે ૩ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી હતી. બાકીના ઠાકુરો, બ્રાહ્મણો અને પછાત લોકોને ટિકિટ મળી. જો કે અખિલેશ યાદવનો આ દાવ કામમાં આવ્યો નહીં. અને વિધાનસભાની ચૂંટણી બાદ તેને વિધાન પરિષદની ચૂંટણીમાં પણ હારનો સામનો કરવો પડ્યો છે.

# નિતિશ કુમારના સામૂહિક સંવાદ કાર્યક્રમમાં બોમ્બ વિસ્ફોટ થયો

**બિહારના મુખ્યપ્રધાન પર ફરી વખત હુમલો : સિલોની ગાંધી હાઈસ્કૂલમાં જનસંવાદનો કાર્યક્રમ ચાલતો હતો ત્યારે નીતિશ કુમારથી ૧૫-૧૮ ફૂટના અંતરે વિસ્ફોટ**

નાલંદા, તા.૧૨


બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની સુરક્ષામાં મોટી ખામી સર્જાઈ છે. આ વખતે નાલંદામાં આવંથ થયું. સામૂહિક સંવાદ કાર્યક્રમ દરમિયાન બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. આ પહેલા ૨૭ માર્ચે પટનાના બખ્તિયારપુરમાં નીતિશ કુમારને મુક્કો મારવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી સીએમ નીતીશ સતત રાજ્યના વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ રહ્યા છે, આ સંબંધમાં તેઓ નાલંદામાં હતા, જ્યાં બોમ્બ વિસ્ફોટની ઘટના બની છે. જોકે નીતિશ કુમાર સંપૂર્ણપણે સુરક્ષિત છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારની સુરક્ષામાં ભારે બેદરકારી સામે આવી છે. નાલંદામાં તેમના કાર્યક્રમ પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ ઘટના નીતીશના જાહેર સંવાદ કાર્યક્રમ દરમિયાન બની હતી. સિલોની ગાંધી હાઈસ્કૂલમાં જનસંવાદનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. મુખ્યમંત્રી નીતિશ કુમારથી માત્ર ૧૫-૧૮ ફૂટના અંતરે બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. આ પછી સીએમના કાર્યક્રમના પંડાલમાં હંગામો મચી ગયો હતો. આ મામલામાં સીએમની સુરક્ષામાં તૈનાત પોલીસકર્મીઓએ એક શખ્સને પકડી લીધો છે. મામલાની તપાસ ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ફટાકડા બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં હાલમાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. સ્ટેજની પાછળ જ ખેતરમાં બોમ્બ વિસ્ફોટ થયો હોવાની પ્રાથમિક માહિતી. નાલંદા પહેલા ૨૭ માર્ચે પટનાના બખ્તિયારપુરમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર પર હુમલો થયો હતો.

સીએમ નીતીશ કુમાર એક હોસ્પિટલમાં ગયા હતા અને ત્યાં સ્થાપિત પ્રતિમાને પુષ્પાંજલિ આપી રહ્યા હતા. એટલામાં એક છોકરો આવ્યો અને ઉપર ચડ્યો. ગાર્ડને પકડીને તેણે સીએમ નીતિશ કુમાર પર મુક્કો માર્યો હતો. પોલીસે તરત જ યુવકની ધરપકડ કરી હતી. આ ઘટનાનો વીડિયો કેમેરામાં કેદ થયો હતો. જે વાયરલ થઈ ગયો. બાદમાં કહેવામાં આવ્યું હતું કે હુમલાખોર માનસિક રીતે અસ્વસ્થ હતો.

**અભિનંદન**



**શ્રી અજયભાઈ એચ. પટેલ**

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક તથા ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ એચ. પટેલ સાહેબશ્રી તાજેતરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન તરીકે ચૂંટાયા તે બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

**શ્રી એન.પી. પટેલ**
એમ.ડી. વેસ્ટર્ન એગ્રી સિડ્સ
પ્રમુખ - કલાગુર્જરી

**ઝીલુભા ધાંધલ**
ચેરમેન - રેડક્રોસ
ગાંધીનગર જિલ્લા

પાટનગરનું પોતાનું અખબાર

**ગાંધીનગર સમાચાર**

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

**અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો**

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# આંધ્રમાં કોણાર્ક એક્સપ્રેસની અડફેટે આવતાં છનાં મોત

**આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ ખાતેની ગંભીર દુર્ઘટના : મુસાફરો રેલવે ટ્રેક પર ઉતરી ગયા અને પાટા ઓળંગીને બીજી તરફ જવાનો પ્રયત્ન કરવા દરમિયાન અકસ્માત**

અમરાવતી, તા.૧૨

આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લામાં સોમવારે મોડી રાત્રે કોણાર્ક એક્સપ્રેસની અડફેટે આવતા ૬ના મોત થઈ ગયા છે.

આ ઘટનામાં અનેક લોકોના ઘાયલ થવાની પણ આશંકા છે. પોલીસે આ જાણકારી આપી છે. પોલીસે જણાવ્યું કે, ગુવાહાટી જનારી એક સુપરફાસ્ટ એક્સપ્રેસમાંથી કેટલાક મુસાફરો તે સમયે રેલવે ટ્રેક પર ઉતરી ગયા હતા અને પાટા ઓળંગીને બીજી તરફ જવાનો પ્રયત્ન કરવા લાગ્યા હતા. તે જ સમયે, ભુવનેશ્વર-સીએસટી મુંબઈ કોર્ણાક એક્સપ્રેસ બીજી બાજુથી આવી રહી હતી જેને કારણે આ ટ્રેન અકસ્માત સર્જાયો હતો.

શ્રીકાકુલમના પોલીસ અધિક્ષક જીઆર રાધિકાએ ફોન પર જણાવ્યું કે, અત્યાર સુધી અમે ૭ મૃતદેહોની ઓળખ કરી છે. અન્ય કોઈ જાનહાનિ થઈ છે કે કેમ તે જાણવા માટે સરકારી રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી રહી છે.



શ્રીકાકુલમ જિલ્લા માહિતી વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના જી સિગદામ અને ચીપુરપલ્લી રેલવે સ્ટેશનો વચ્ચે રાત્રે લગભગ ૯ વાગ્યે બની હતી. તેમણે જણાવ્યું કે, કોઈમ્બતુર-સિલ્ચર એક્સપ્રેસ (નં. ૧૨૫૧૫)ના કેટલાક મુસાફરોએ વિશાખાપટ્ટનમ-પલાસા મુખ્ય લાઈનના સેન્ટ્રલ સેક્શન પર ચેન ખેંચી અને ટ્રેન રોકી દીધી હતી. રેલ્વે વિભાગના અધિકારીઓના હવાલે અધિકારીએ કહ્યું કે, લોકોએ બીજી તરફ ટ્રેક પર દોડવાનો પ્રયાસ કર્યો.

## સેન્સેક્સ ૩૮૮ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા.૧૨

સ્થાનિક શેરબજારોમાં મંગળવારે સતત બીજા દિવસે ઘટાડો ચાલુ રહ્યો હતો અને બીએસઈ સેન્સેક્સ ૩૮૮ પોઈન્ટથી વધુ ઘટીને ૫૮,૫૭૬.૩૭ પર બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં નબળા વલણ વચ્ચે ઈન્ડેક્સ હેવીવેઈટ વિપ્રો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલમાં નુકસાન સાથે બજારો નુકસાનમાં બંધ થયા હતા. માર્ચના ઔદ્યોગિક ઉત્પાદન (આઈઆઈપી) અને ફુગાવાના ડેટા પહેલા પણ રોકાણકારોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું.

**વેચવાનો છે**
ફ્લેટ 2 BHK ફુલ્લી ફર્નિશડ
સરગાસણ ચોકડી
94275 07210
91044 58826